For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતનાં 10 હજારથી વધુ બેંક ખાતાં સીઝ

**કર્ણાટક** અને તમિલનાડુ પોલીસની એકતરફી મનસ્વી કાર્યવાહીથી ગરીબ-મધ્યમ વર્ગમાં આક્રોશ

**500થી** 1,000નો શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનનો હવાલો આપી શાકભાજીવાળા, કાપડ વેપારીઓનાં ખાતાં સીઝ




સુરતઃ શહેરમાં નાના વેપારીઓ અને મધ્યમવર્ગીય પરિવારોના બેંક ખાતા ફ્રીઝ થવાની ઘટનાઓએ ગંભીર પરિસ્થિતિ ઊભી કરી છે. સાયબર ફ્રોડની શંકા દર્શાવી કરવામાં આવેલી આ કાર્યવાહીથી હજારો પરિવારો મુશ્કેલીમાં મુકાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સુરત શહેરના શાકભાજી વેચાણકારો, લારીધારકો, નાના કાપડ વેપારીઓ અને મધ્યમવર્ગીય પરિવારોના બેંક ખાતા અચાનક ફ્રીઝ થવાના બનાવોએ ચિંતાજનક સ્થિતિ ઉભી કરી છે. મળતી માહિતી મુજબ સાયબર ફ્રોડ કેસોમાં 500થી 1,000 જેટલા નાના ટ્રાન્જેક્શનનો હવાલો આપી કર્ણાટક-તમિલનાડુ પોલીસ દ્વારા ખાતાઓ સીઝ કરવામાં આવ્યા છે. જ્યારે હકીકતમાં સંબંધિત ખાતાધારકોના 2 લાખથી લઈને 15 લાખ અને કેટલાક કેસોમાં 25 લાખ સુધીની રકમ અટકાવવામાં આવી હોવાનું કહેવાય છે. વેપારીઓનો આક્ષેપ છે કે તેઓ કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિમાં સંકળાયેલા નથી. ઘણાં લોકો ઓનલાઈન ઈન્સ્ટન્ટ લોન એપ, ક્રેડિટ કાર્ડ ટ્રાન્જેક્શન અથવા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મનો ઉપયોગ કરતા હતા. તે દરમિયાન તેમના ખાતામાં કોઈ અજાણ્યા સ્ત્રોતથી નાની રકમ જમા થઈ હોવાનું બહાનું આપી આખું ખાતું જ ફ્રીઝ કરી દેવામાં આવ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

### ઇન્સ્ટન્ટ લોન બાદ શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનના બહાને ખાતાં સીઝનો સિલસિલો

ઓનલાઇન ઇન્સ્ટન્ટ લોન લેતા ઘણાં નાગરિકોના ખાતા સાયબર ફ્રોડના શંકાસ્પદ ટ્રાન્જેક્શનના બહાને સીઝ થઈ રહ્યા હોવાનો આક્ષેપ છે. લોન લેનારનું ખાતું જ નહીં, પરંતુ તેણે અન્ય વ્યક્તિને ટ્રાન્સફર કરેલી રકમના આધારે સંબંધિત લોકોના ખાતા પણ કર્ણાટક-તમિલનાડુ

...અનુસંધાન પાના 5 પર

### સમગ્ર મામલો ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો હોવા છતાં હજી નીવેડો આવ્યો નથી

કેટલાક પીડિતોના આક્ષેપ મુજબ અને બેન્કના કર્મચારીઓ વારંવાર ફોન કરી દબાણ કરે છે અને ખાતા અનફ્રીઝ કરવા માટે રૂબરૂ હાજર થવા બોલાવે છે. 10 લાખથી 50 લાખ સુધીની રકમ ફ્રીઝ થયેલા લોકો ધક્કા ખાઈ રહ્યા હોવાની ફરિયાદ છે. સમગ્ર મામલો ગૃહ મંત્રાલય સુધી પહોંચ્યો હોવા છતાં હજી સ્પષ્ટ નીવેડો આવ્યો નથી.

### ગુજરાતમાં પ્રથમ ખાસ સાયબર સહાય કક્ષ શરૂ થશે: અનુપમસિંહ ગહલૌત

શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે ખાતા જપ્ત થવાના વધતા બનાવો અંગે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે મુદ્દો માત્ર સુરત પૂરતો સીમિત નથી, પરંતુ સમગ્ર ગુજરાતમાં ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. કર્ણાટક અને તમિલનાડુ રાજ્યની પોલીસને પત્રવ્યવહાર કરવો પડે છે, છતાં સમયસર જવાબ મળતો નથી અને કેટલાક પીડિતોને ત્યાં બોલાવી દબાણ તથા ધમકી આપવાના આક્ષેપો

...અનુસંધાન પાના 5 પર

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના લખાણ પછી પણ

# સ્મીમેરનો લોકલ ક્વોટા વધારવાનો ઠરાવ હજી સુધી શા માટે નહીં કરાયો

**સુરત** મનપા દ્વારા વર્ષ 2008માં 100 સીટ સામે 70 સીટ લોકલ ક્વોટાનો ઠરાવ, 250 સીટ પછી વધારો કેમ કરાયો નહીં?

**વિકાસના** નામે કેપિટલ કામોમાં કન્સલ્ટન્સી નિમવા અને કોન્ટ્રાક્ટનાં કામોમાં કટકી ખાવામાં જ રસ? શહેર હિતનો નિર્ણય કેમ ભુલાયો?

સુરતઃ સ્મીમેર હોસ્પિટલમાં હાલની 250 બેઠક સામે જો 70 ટકા પ્રમાણ જળવાઈ રાખવામાં આવે તો 175 બેઠક લોકલ વિદ્યાર્થીઓને મળવી જોઈએ. પરંતુ સુરત મહાનગરપાલિકાના શાસકો દ્વારા આ બાબતે કોઈ સ્પષ્ટ ઠરાવ પસાર કરવામાં આવ્યો નથી. વર્ષ 2008માં 100 સીટની સામે 70 સીટ લોકલ ક્વોટા પ્રમાણે ઠરાવ થયો હતો.

...અનુસંધાન પાના 5 પર

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું સ્પષ્ટ લખાણ છતાં પગલાં નહીં?

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર દ્વારા જે તે સમયગાળા દરમિયાન લેખિતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા સ્વાયત્ત અને સેલ્ફ-ફાઇનાન્સ સંસ્થા છે. એટલે પોતાની સંસ્થાને લગતા નિર્ણયો લેવા તેને અધિકાર છે. તેઓ પોતાના હિતના નિર્ણય લઈ શકે છે. આ સ્પષ્ટતા છતાં સુરત મહાનગરપાલિકાએ લોકલ કોટાની સીટોમાં વધારો કરવા અંગે આજદિન સુધી કોઈ ઠરાવ પસાર કર્યો નથી, જેને કારણે નાગરિકોમાં આશ્ચર્ય અને અસંતોષ જોવા મળે છે.

### આરોગ્ય મંત્રીએ તમામ વિગતો મંગાવી



રાજ્ય આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, આ બાબત ગુજરાતમિત્રના માધ્યમે મારા ધ્યાને આવી ગઈ છે. ખરેખર ક્યાં ચૂક થઈ? કેમ થઈ તે તપાસી અને ચકાસી લઉં છું. જો સુરતના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થતો હશે તો તે માટે ત્વરીતે જે પણ નિર્ણય લઈ શકાય તે લઈને નિયમ મુજબ આગામી દિવસોમાં કાર્યવાહી કરીશું.

### હાઇકોર્ટ-સુપ્રીમ કોર્ટના પણ અનેક સ્પષ્ટ ચુકાદાઓ મળી શકે

હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના અનેક ચુકાદાઓમાં સ્પષ્ટ કરાયું છે કે સેલ્ફ-ફાઇનાન્સ સંસ્થાઓ, ખાસ કરીને જેઓ કોઈ સરકારી ગ્રાન્ટ લેતી નથી, તેઓ પોતાના વહીવટ અને નીતિગત નિર્ણયો લેવા સક્ષમ છે. સુરતની મેડિકલ કોલેજ પણ સેલ્ફ-ફાઇનાન્સ મોડલ પર ચાલે છે અને તેનો ખર્ચ મહાનગરપાલિકા ઉઠાવે છે. એવા સંજોગોમાં મહાનગરપાલિકા ઠરાવ કરીને રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલી લોકલ કોટામાં વધારો કરી શકે તેમ હોવાનું કાનૂની નિષ્ણાતો માને છે. છતાં આજદિન સુધી આ દિશામાં સ્પષ્ટ પગલાં લેવાયા નથી.

## કોરોના કાળ બાદ પહેલીવાર સુરતમાં ફ્લાવર શો



વર્ષોથી સુરતમાં જાન્યુઆરી મહિનામાં યોજાતા બુક ફેર અને ફ્લાવર શોની ભારે બોલબાલા હતી. કોરોનાકાળ બાદ ફ્લાવર શો બંધ થઇ ગયો હતો જે આ વર્ષે ફરી જોવા મળશે. દેશ વિદેશના ફ્લાવર્સ શોની તૈયારીને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. **(તસવીર : હેમંત ડેરે)**

# સુરત એરપોર્ટ પરથી બે મુસાફર 6.4 કરોડના ગાંજા સાથે ઝડપાયા

**એર** ઇન્ડિયા એક્સપ્રેસની બેંગકોક-સુરત ફ્લાઇટની તપાસમાં કસ્ટમ્સ અધિકારીઓને સફળતા મળી

**જયપુરના** વિનોદકુમાર અને કમેશ ધાંકા નામના બે પેસેન્જરની બેગેજની તપાસ કરતાં કુલ 30 વેક્યુમ-પેક કરેલાં પેકેટ્સ મળી આવ્યાં

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) સુરતના અધિકારીઓએ એર ઈન્ડિયા એક્સપ્રેસની બેંગકોક સુરત ફ્લાઈટના સુરતમાં આંતરરાષ્ટ્રીય આગમન દરમિયાન રેન્ડમ તપાસમાં મોટી સફળતા મેળવી છે. બે ભારતીય મુસાફરો પાસેથી અંદાજે 30 સંદિગ્ધ પેકેટ્સ મળી આવ્યા હતા, આ કેસમાં બન્ને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાંથી આરએફએસએલ (રિજનલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ના અહેવાલ અનુસાર એ કેનાબીસ એટલે કે હશીશ જેવો હાઈબ્રીડ ગાંજો હોવાનું જણાયું છે. કસ્ટમ્સ AIU અધિકારીઓએ શંકાના આધારે બન્ને મુસાફરોને રોકી તેમના બેગેજની તપાસ કરતા કુલ 30 વેક્યુમ-પૅક કરેલા પારદર્શક પોલિથિન પેકેટ્સ મળી આવ્યા હતા. આ પેકેટ્સમાં લીલા રંગનું પદાર્થ ભરેલું હતું.

જપ્ત કરાયેલા માલનું કુલ વજન 6408.90 ગ્રામ છે અને તેની બજાર કિંમત અંદાજે 6.40 કરોડ રૂપિયા છે. આ ઘટના તા. 18 ફેબ્રુઆરી 2026 ની મધ્યરાત્રિની છે. મળતી વિગતો અનુસાર, જયપુરના બે મુસાફર વિનોદ કુમાર (પાસપોર્ટ નં. ટી૧૪૪૮૯૦૪) અને કમેશ ધાંકા (પાસપોર્ટ નં. સીપ૫૨૦૯૨૮) - બેંગકોકથી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ નં. આઈએક્સ-૨૬૩માં સુરત આવી રહ્યા હતા. આંતરરાષ્ટ્રીય આગમન વખતે કસ્ટમ્સ અધિકારીઓએ તેમની રેન્ડમ તપાસ કરી હતી, જેમાં આ સંદિગ્ધ પેકેટ્સ મળી આવ્યા હતા. પ્રારંભિક અહેવાલ અનુસાર, અધિકારીઓએ અંદાજે 30 પેકેટ્સ જપ્ત કર્યા છે અને આ મામલાની તપાસ ચાલુ છે. સુરત કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, આ પ્રકારની તપાસ

...અનુસંધાન પાના 5 પર

# 48 કલાકમાં જ ચિરાગ ગોટીનો બીજી વખત વરઘોડો કઢાયો

**વધુ** એક પીડિત યુવક સામે આવ્યો, ફાંસીની સજાની માંગ

**દોરડા** બાંધી આરોપીઓને ઘટના સ્થળે લઈ જવાયા



સુરતઃ શહેરમાં દહેશત ફેલાવનાર ચિરાગ ગોટી અને તેના સાગરીતોના અત્યાચાર હવે એક પછી એક બહાર આવી રહ્યા છે. પોલીસ રિમાન્ડ દરમિયાન ઘટનાનું પુનર્નિર્માણ કરાતા પીડિત યુવક ખુદ સામે આવ્યો અને આરોપીને કડક સજા, ફાંસી સુધીની માંગ કરી હતી.

સરથાણા પોલીસ સ્ટેશન દ્વારા

...અનુસંધાન પાના 5 પર

### પીડિત યુવકનો ખુલાસો

પાર્થ મિયાણીએ જણાવ્યું કે વાયરલ વિડીયોમાં જે યુવકને તાલિબાની રીતે માર મારવામાં આવ્યો હતો તે પોતે જ છે. આરોપીએ તેને એટલો ડરાવ્યો હતો કે તેણે વર્ષો સુધી કોઈને આ વાત કરી નહોતી. પરિવારને નુકસાન પહોંચાડવાની ધમકીને કારણે મૌન રહેવું પડ્યું હતું. તાજેતરમાં આરોપીના ફોનમાંથી વિડીયો બહાર આવતા હિંમત આવી અને બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. પીડિતે કહ્યું કે હવે તે ન્યાય માટે લડશે અને આરોપીને કડકમાં કડક સજા મળે તે જરૂરી છે.

## કામરેજમાં રૂ.1450 કરોડનો મેડિકલ મેગા પ્રોજેક્ટ

# 1500 બેડની જનરલ, 3 સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ બનાવાશે

**30.55** હેક્ટરમાં વિકસશે આધુનિક ઇન્ટીગ્રેટેડ હોસ્પિટલ કેમ્પસ

**2026-27**ના બજેટમાં રૂ. 250 કરોડની પ્રારંભિક જોગવાઈ

સુરતઃ દક્ષિણ ગુજરાતના આરોગ્ય ક્ષેત્રમાં ઐતિહાસિક પગલું તરીકે કામરેજ વિધાનસભા ક્ષેત્રમાં રૂ. 1450 કરોડના અંદાજિત ખર્ચે વિશાળ અને અત્યાધુનિક હોસ્પિટલ કેમ્પસનું નિર્માણ થવાનું નક્કી થયું છે. રાજ્ય સરકારે વર્ષ 2026-27ના બજેટમાં આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે રૂ. 250 કરોડની પ્રારંભિક જોગવાઈ કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે કામરેજ વિસ્તારને આરોગ્ય સુવિધાઓના ક્ષેત્રમાં અનોખી અને અણમોલ ભેટ આપી છે. આ પ્રોજેક્ટ હેઠળ 30.55 હેક્ટર જેટલી વિશાળ જમીન પર એક જ કેમ્પસમાં 1500 બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હોસ્પિટલ અને ત્રણ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઈન્ટીગ્રેટેડ નિર્માણ થશે. એક જ કેમ્પસમાં ચાર વિશાળ હોસ્પિટલો બનશે. આ તમામ હોસ્પિટલો એક જ પરિસરમાં ઈન્ટીગ્રેટેડ મોડલ પર કાર્યરત રહેશે, જેના કારણે દર્દીઓને એક જ સ્થળે મલ્ટિ-સ્પેશિયાલિટી નિદાન અને સારવાર સુવિધા મળશે. ઈમરજન્સી સેવા, અદ્યતન ટેકનોલોજી આધારિત સારવાર, સંશોધન અને મેડિકલ શિક્ષણ માટે પણ આ કેમ્પસ આદર્શ કેન્દ્ર બનશે.

### હોસ્પિટલ કેમ્પસમાં આ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે

- 1500 બેડની જનરલ બ્રોડ સ્પેશિયાલિટી હોસ્પિટલ
- 500થી વધુ બેડની કાર્ડિયાક એન્ડ ન્યુરો સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ
- 500થી વધુ બેડની યુરોલોજી એન્ડ નેફ્રોલોજી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ
- 500થી વધુ બેડની કેન્સર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ

### દક્ષિણ ગુજરાતનું સૌથી મોટું મેડિકલ હબ

આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે દક્ષિણ ગુજરાતમાં નિર્માણ પામનાર આ ત્રણ અત્યાધુનિક ઇન્ટીગ્રેટેડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોથી સમગ્ર વિસ્તારમાં આરોગ્ય સેવાઓમાં ગુણાત્મક વધારો થશે. સુરત જિલ્લો દેશના મેડિકલ ટુરિઝમ મેપ પર મજબૂત સ્થાન મેળવશે અને બહારથી પણ દર્દીઓ સારવાર માટે આકર્ષાશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વિવિધ ગંભીર અને જટિલ રોગોના દર્દીઓને હવે રાજ્યની બહાર જવાની જરૂરિયાત ઘટશે અને ઉચ્ચ કક્ષાની સારવાર સ્થાનિક સ્તરે ઉપલબ્ધ થશે.

# સુરતમાં તાપમાનમાં ચઢાવ-ઉતાર: મહત્તમ ૩૪.૨ ડિગ્રી

**લઘુત્તમ** તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો, ગરમીમાં ૨-૩ ડિગ્રી વધારો થશે

સુરતઃ શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો નોંધાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાનમાં દોઢ ડિગ્રીનો ઘટાડો થયો છે. જેને લઈ સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન ગત દિવસની સરખામણીએ બે ડિગ્રી વધીને ૩૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ લઘુત્તમ તાપમાનમાં ૧.૬ ડિગ્રીનો ઘટાડો નોંધાતાં તે ૧૭.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. દિવસ દરમિયાન હવામાં ૫૪ ટકા ભેજ નોંધાઈ હતી અને મંદ ગતિના પવનો ફૂંકાતા વાતાવરણ સામાન્ય કરતાં થોડું ગરમ અનુભવાયું હતું. સવારના સમયગાળા દરમિયાન ઠંડકનો હળવો અહેસાસ રહ્યો હતો, પરંતુ બપોર બાદ સૂર્યપ્રકાશ તીવ્ર બનતા ગરમીમાં વધારો અનુભવાયો હતો. શહેરના વ્યસ્ત વિસ્તારોમાં બપોરના સમયે ગરમીનો પ્રભાવ વધુ જોવા મળ્યો હતો. માર્ગો પર અવરજવર કરતા નાગરિકોએ તડકાથી બચવા માટે ટોપી, ગોગલ્સ અને છત્રીનો ઉપયોગ

...અનુસંધાન પાના 5 પર

# કીમના બિલ્ડરના પુત્રોના રોકડા 35 લાખ લૂંટી લેવાયા

**અકસ્માત** સર્જી મોપેડ ચાલકે ફિલ્મી ઢબે ભાઇ મરી ગયો તેવી બૂમાબૂમ કરી

**આંગડિયામાંથી** રૂપિયા લઇને નીકળેલા બંને ભાઈ ફોર્ચ્યુનરમાંથી નીચે ઊતર્યા તે દરમિયાન બેગ લૂંટી લીધી

સુરતઃ રાંદેર વિસ્તારમાં ધોળે દહાડે સનસનાટીભરી લૂંટની ઘટના સામે આવી છે. બનાવની પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કીમ ખાતે રહેતા ભાઈઓ શિવરત્ન પુનિયા અને અંકિત પુનિયા કન્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગુરૂવારે બંને પુનિયા બંધુઓ ફોર્ચ્યુનર કારમાં ભાગળ ખાતે આવેલી આંગડિયા પેઢીમાંથી રૂ.૩૫ લાખ લઈને કીમ જવા માટે નીકળ્યા હતાં. આશરે ૪.૩૦ વાગ્યાના અરસામાં તેઓ અડાજણ ઓલપાડ રોડ પર રાંદર રામનગર અને મોરા ભાગળ વચ્ચે પ્રકાશ મોબાઈલની દુકાન સામેથી પસાર થતા હતા ત્યારે પાછળથી ડિસ્કવરી બાઈક પર આવેલા બે લૂંટારૂએ તેમની કારની પાછળ મોપેડ અથડાવી હતી. અને એક રસ્તા પર પડી બેભાન થવાનું નાટક કરવા લાગ્યો હતો.જ્યારે બીજો લૂંટારૂએ કારના આગળના ભાગે આવીને તમે અકસ્માત કર્યો છે અને મારો ભાઈ મરી ગયો છે એમ કહીને ઝઘડો કરવાનું શરૂ કર્યું હતું. જેથી શિવરત્ન અને અંકિત કારમાંથી ઉતર્યા ગાડી લોક કરી અને પાછળના ભાગે ગયા હતા. દરમિયાનમાં બીજા મોપેડ પર અન્ય બે લૂંટારૂઓ આવ્યા હતા અને કારની પાસે આવેલીને ડ્રાઈવરની સીટની પાછળની બારીનો કાચ તોડી અંદરથી રૂ.35 લાખ ભરેલી બેગ લઈને નાસી ગયા હતા. ઘટનાની જાણ કરતા રાંદેર પોલીસ અને ક્રાઈમ બ્રાંચની ટીમે સ્થળ પર આવી પહોંચી હતી.આજુ બાજુના સીસી ટીવી આધારે આરોપીની શોધખોળ શરૂ કરી છે. ભોગ બનનારા શિવરત્ન અને અંકિતના પિતા કીમના જાણીતા બિલ્ડર છે. જ્યારે બંને ભાઈઓ પણ

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



॥ છ માસિક શ્રધ્ધાંજલિ ॥

ઝાકળ જેવું જીવન જીવી પલમાં લીધી તેં વિદાય... તારી યાદમાં સૌની આંખોમાંથી વરસી રહયા છે, અનરાધાર નીર, વિદાયના વજઘાત હજીયે હૃદયને ઝંઝોળે છે, પ્રભુના દરબારમાં તારી જરૂર હશે. એમ મનને મનાવી તારી સ્મૃતિને સમેટી અમે સૌ અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે

સ્વ. યાશી(છોટી) ઉમેશભાઈ પટેલ સ્વ.તા. ૨૦/૮/૨૦૨૫ ગામ ગવિયર

લિ. મોસાળપક્ષ (ગામ-વેસુ)

અશોકભાઈ સામુભાઈ પટેલ, અ.સૌ ભગવતીબેન અશોકભાઈ પટેલ, જેનીશભાઈ અશોકભાઈ પટેલ, અંકીતાબેન જેનીશભાઈ પટેલ, અમૃતભાઈ સામુભાઈ પટેલ, સ્વ. નીરૂબેન અમૃતભાઈ પટેલ, હરીશભાઈ સામુભાઈ પટેલ, અ.સૌ. ઉષાબેન હરીશભાઈ પટેલ, સ્વ. ઈલેશભાઈ અમૃતભાઈ પટેલ, નિકુંજ હરીશભાઈ પટેલ, નિમેષભાઈ હરીશભાઈ પટેલ, સૈફાલીબેન નિમેષભાઈ પટેલ, ચેતનભાઈ અમૃતભાઈ પટેલ (એડવોકેટ એન્ડ નોટરી), અ.સૌ. દિપીકાબેન ચેતનભાઈ પટેલ

વેદ, હેત્વી, આરવી, જેદાર્થ, પ્રિયાંશ



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

આપ યાદ આવો હર એક વ્યવહારમાં, ખુશીઓમાં, તહેવારોમાં, જીવંત છો આપ અમારી સુવાસમાં, સ્મરણ તમારૂં થતા મન મૂકીને રડાવતાં, અમારા પ્રત્યે અખૂટલાગણી સાથેનો આપનો માયાળુ સ્વભાવ અને પ્રેમાળ હૃદયથી મમતા સદાયે અમારા હૃદયમાં જીવંત રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. પંકજભાઈ હરિભાઈ આહિર જન્મ તા. ૦૮.૧૦.૧૯૭૨ સ્વ. તા. ૨૧.૦૨.૨૦૨૫

લિ. નાથીબેન હરિભાઈ આહિર (માતા), ગં.સ્વ. ચંચળબેન પંકજભાઈ આહિર (પત્ની), હરિભાઈ બાલુભાઈ આહિર (પિતા), નવનીતભાઈ હરિભાઈ આહિર (ભાઈ), વસંતભાઈ હરિભાઈ આહિર (ભાઈ), રોહન પંકજભાઈ આહિર (પુત્ર), યામિની પંકજભાઈ આહિર (પુત્રી)

નિવાસસ્થાન : બલકસ ગામ, ઓલપાડ, સુરત.

::પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ::



સ્વ. સંકેત રાજેશભાઈ કોરલવાલા સ્વ.તા. ૨૦/૦૨/૨૦૨૫

તમારી તસ્વીર જોઈને હમારી આંખો રડી પડે છે, નાની ઉંમરે તમારી અણધારી વિદાય અમો સર્વેના કાળજા કંપાવી ગઈ, જીવનની થોડીક જ પળોમાં તમે સૌના હૃદયમાં અનંત પ્રેમ અને યાદો છોડી ગયા છો તમારી હસમુખી યાદો હંમેશા અમારી સાથે જ છે. મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી તમે ક્યાંય નથી ગયા, અમારી સાથેની તમારી યાદો હંમેશા જીવંત રહેશે.

લિ. જગદીશભાઈ ચીમનલાલ ગાંધી, કૌશિક એસ. કોરલવાલા, પાર્થ જગદીશભાઈ ગાંધી (એડવોકેટ), પન્નાબેન આર. કોરલવાલા, શ્વેતા સંકેત કોરલવાલા (એડવોકેટ), વિહાની સંકેત કોરલવાલા, સમસ્ત ગાંધી તથા કોરલવાલા પરીવાર

દુઃખદ અવસાન / બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/ભાઈ શ્રી ભરતભાઈ મનુભાઈ પટેલનું દુઃખદ અવસાન તા.૧૯-૨-૨૦૨૬ને ગુરૂવારના રોજ થયેલ છે. પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

સદ્ગતની અંતિમયાત્રા તા.૨૧-૨-૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે અમારા નિવાસસ્થાનેથી કુરૂક્ષેત્ર સ્મશાન ભૂમિ, જહાંગીરપુરા માટે નીકળશે.

સદ્ગતનું બેસણું દિવંગત આત્માના કલ્યાણ અર્થે તા.૨૩-૨-૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમિયન પટેલ પ્રગતિ વાડી, જોગાણી નગર પાસે, અડાજણ ખાતે યોજવામાં આવ્યું છે.

સ્વ. ભરતભાઈ મનુભાઈ પટેલ સ્વ. તા.૧૯-૨-૨૦૨૬

નિવાસસ્થાન: ૧૩, સુજાતા સોસાયટી, વિજય સેલ્સની બાજુમાં, તાડવાડી, રાંદેરરોડ, સુરત.

લિ. ગં.સ્વ. શિલ્પાબેન ભરતભાઈ પટેલ (પત્ની), હર્ષદરાય મનુભાઈ પટેલ, રીનાબેન હર્ષદરાય પટેલ, શૈલેષભાઈ મનુભાઈ પટેલ, ઉષાબેન શૈલેષભાઈ પટેલ, દ્વીજા ભરતભાઈ પટેલ, સ્વ. મનુભાઈ નાથુભાઈ પટેલ પરિવાર (બરબોધનવાળા)